# હાશ... આખરે દિપડાને પાંજરામાં કેદ કરાયો

**છેલ્લા ૬ મહિનાથી વન વિભાગને હંફાવતો દિપડો દોલારાણા વાસણાના જંગલ વિસ્તારમાં પાંજરામાં મુકેલા મારણથી લલચાતા કેદ થઈ ગયો**

ગાંધીનગર, તા. ૧૪

છેલ્લા એક વર્ષથી વન વિભાગને હંફાવતા દિપડાને આજે વહેલી પરોઢે પાંજરામાં કેદ કરી દેવાયો હતો. ગાંધીનગર નજીકના દોલારાણા વાસાણાના બાપુપુરા ગામમાં મારણ સાથે મુકાયેલા પાંજરામાં દિપડો કેદ થઈ જતા વન વિભાગના અધિકારીઓએ હાંશકારો અનુભવ્યો હતો.



સાબરમતી નદીના કોતરો ખાતેના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા છ મહીનામાં અનેકવાર દિપડાના પગમાર્ક જોવા મળ્યા હતા. દિપડાને પકડવા અગાઉ સાસણથી નિષ્ણાંતોની ટીમ પણ બોલાવવામાં આવી હતી પરંતુ ચબરાક દિપડો હાથમાં લાગતો ન હતો. ૭ થી ૮ વર્ષની વયનો નર દીપડો તંદુરસ્ત હાલતમાં છે. શાંત પ્રવૃત્તિના આ દિપડાને વનચેતના કેન્દ્રમાં રાખવામાં આવ્યો છે.

ગાંધીનગરના નાયબ વનસંરક્ષક એસ.એમ. ડામોરે આ અંગે જણાવ્યું હતું કે, ગાંધીનગર નજીકના ફતેપુરા, પીંપળજ, પીંઢારડા, દોલારાણા વાસણા, ગ્રામભારતી, અમરાપુર અને અંબોડ સહિતના નદીકાંઠાના ગામોમાંથી અવારનવાર દિપડાના પગમાર્ક જોવા મળ્યા છે અને પાલતુ પ્રાણીઓના મારણ કર્યા હોવાના બનાવો વન વિભાગને ધ્યાને આવ્યા હતા. જેના અનુસંધાને ગાંધીનગર વન વિભાગ દ્વારા બોરીજ, ઉર્જા અને માણસા રેન્જમાં દિપડાને પકડી પાડવા ટીમો બનાવી સતત પેટ્રોલીંગ અને મોનીટરીંગ કરાઈ રહ્યું હતું તેમ જણાવી તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે, દિપડાને પકડવા બનાવેલી વિવિધ વ્યુહરચના અંતર્ગત બનાસકાંઠા વન્યજીવ ડીવીઝનની રેસ્ક્યુ ટીમ તથા સાસણગીર અભ્યારણ્યની ટ્રેકર ટીમોની પણ મદદ લેવામાં આવી હતી. તે ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં પાંજરા ગોઠવીને ગ્રામજનોને રાત્રે ખુલ્લામાં નહીં સુવા સુચનાઓ પણ જારી કરવામાં આવી હતી.

અનેક પ્રયત્નોને અંતે પણ દિપડાના લોકોશન ટ્રેસ થતા ન હતા દરમિયાન ગઈ કાલે ૧૩ ઓકટોબરે દોલારાણા વાસણા (બાપુપુરા) ખાતે દિપડા દ્વારા એક પાલતુ પ્રાણી (પાડા)નું મારણ કરવામાં આવ્યું હોવાના મેસેજ મળતા જ ઉર્જા રેન્જના સ્ટાફ દ્વારા આ ગામમા કોતર વિસ્તારમાં પાંજરૂ ગોઠવી દેવામાં આવ્યું હતું અને રાતભર મોનીટરીંગ કરવામાં આવ્યું હતું. દરમિયાન આજે ૧૪ ઓકટોબરે સવારે ૭.૪૫ વાગ્યે દિપડાને પાંજરામાં પુરી દેવા વન વિભાગને સફળતા મળી હતી.

રેસ્ક્યુ કરાયેલા દિપડાને પાંજરા સાથે દોલારાણા વાસણાથી ગાંધીનગર ખાતેના વનચેતના કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યો છે. ગીર ફાઉન્ડેશનના

# ગૌણ સેવા પસંદગી મંડળે ઉમેદવારોનું હલ્લાબોલ

**ગુજરાત ગૌણ સેવા મંડળની ઓફિસને તાળા મારવાની ફરજ પડી, ઉમેદવારોના રોષને જોઈ પોલીસ બોલાવવાની ફરજ પડી**







ગાંધીનગર, તા.૧૪

બિન સચિવાલય અને ઓફિસ આસીસટન્ટ વર્ગ -૩ ની તાજેતરમાં પરિક્ષા યોજાવાની હતી. આ પરિક્ષા અચાનક કોઈ પણ કારણ આપ્યા વિના ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા રદ કરી દેવામાં આવી હતી. જેને પગલે ઉમેદવારોમાં રોષ ફાટી નીકળ્યો છે. આજે સવારે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની ઓફિસે ઉમેદવારોએ હલ્લા બોલ કર્યુ હતું. ઉમેદવારોના રોષને જોઈ પસંદગી મંડળ દ્વારા પોલીસ બોલાવવાની ફરજ પડી હતી.જયારે પસંદગી મંડળની ઓફિસે પણ ઉમેદવારના ધસારાને લઈને તાળાબંધી કરી દેવામાં આવી હતી. જો કે ઘટનાની ગંભીરતાને લઈ ડી.વાય.એસ.પી.એમ.કે.રાણા સહિતના પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ પસંદગી મંડળની ઓફિસે પહોંચી ગયા હતા અને ઉમેદવારોને કાબુમાં કર્યા હતા. ઉમેદવારોના પ્રતિનિધી મંડળે રાજયના મુખ્યમંત્રીને પણ બિન સચિવાલય કલાર્કની લઘુતમ શૈક્ષણિક લાયકાત ધોરણ -૧૨ પાસ રાખવા માટે રજુઆત કરી હતી.

### બિન સચિવાલય કલાર્ક અંગે એક માસમાં નવી જાહેરાત થશે

બિન સચિવાલય કલાર્કની નવી જાહેરાત આગામી એક માસમાં કરાશે. સ્નાતક સુધીનો અભ્યાસ ફરજીયાત રહેશે અને વય મર્યાદામાં પણ વધારો કરવામાં આવશે. હવે ધોરણ-૧૨ પાસ નહી આપી શકે બિન સચિવાલય કલાર્કની પરિક્ષા. અંદાજીત ૪૫૦૦ જેટલી નવી ભરતી કરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર સેકટર-૧૦ ખાતે કર્મયોગી ભવન ખાતે આવેલી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની ઓફિસે સવારના ૧૦ વાગ્યાના અરસામાં મોટીમાત્રામાં ઉમેદવારો એકઠા થઈ ગયા હતા. ઉમેદવારો પસંદગી મંડળના અધિકારીઓને પરિક્ષા કયા કારણોસર અચાનક રદ કરવી પડી..તેમજ હાલ ચર્ચા ચાલી છે તે મુજબ લઘુતમ શૈક્ષણિક લાયકાત ધો-૧૨ થી વધારીને સ્નાતકની ચર્ચા ચાલી રહી છે તે અંગે જવાબ આપવા માટે કહ્યું હતું. પરંતુ પસંદગી મંડળના

● અનુસંધાન પાના - ૭ પર

# મનપાની આજે મહત્વની સ્થાયી સમિતિની બેઠક મળશે

**શહેરમાં આરોગ્ય સેવાઓના સઘનીકરણ પર મનપાની સ્થાયી સમિતિ આજની બેઠકમાં ભાર મુકશે**

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરમાં આરોગ્ય સેવાઓના સઘનીકરણ માટે આજે સ્થાયી સમિતિ દ્વારા મહત્વના નિર્ણયો લેવામાં આવશે.

મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે બપોરે ૩ વાગે એક મહત્વની બેઠક સ્થાયી સમિતિના સભાખંડમાં ચેરમેનશ્રી દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળશે.

મનપાના સૂત્રમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જનની સુરક્ષા યોજના અંતર્ગત કઠોળના ટેન્ડરની મુદત વધારી આપવા ઉપરાંત શહેરના ચાર અર્બન હેલ્થ સેન્ટરોના નવીનીકરણની સાથે સાથે ફિઝીયોથેરાપી સેન્ટર બનાવી અને તેને કાર્યરત કરવા અંગેનો નિર્ણય આજની બેઠકમાં લેવામાં આવશે.

આ ઉપરાંત ઈન્દ્રોડા ગામ ખાતે પ્રોટેકશન વોલ બનાવવાના

● અનુસંધાન પાના - ૭ પર

## રેવન્યુ ઈન્સ્પેકશન કમિશનરની ટીમ દ્વારા કલેકટર કચેરીમાં તપાસ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરીમાં આજે એકાએક રેવન્યુ ઈન્સ્પેકશન કમિશનરની ટીમ તપાસ માટે ત્રાટકતાં સમગ્ર તંત્રમાં સન્નાટો છવાઈ જવા પામેલ છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ટીમ દ્વારા સઘન તપાસ શરૂ કરવામાં આવી છે. ત્રણ થી ચાર જેટલી શાખાઓમાં જ તપાસનો દોર હાથ ધરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

આ તપાસ હજુ મંગળવારે પણ ચાલુ રહેશે તેમ મનાઈ રહ્યુ છે. દિપાવલી પર્વ નજીકમાં છે ત્યોર મહેસુલી તપાસણી કમિશનર કચેરી દ્વારા ત્રણ થી ચાર જેટલી ટીમો બનાવી તપાસ હાથ ધરવામાં આવતાં તંત્રમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

# સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સનો અમલ ગ્રામ્યસ્તરે જરૂરી : કુલદીપ આર્ય

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેર અને જિલ્લામાં રિટ્રેટેડ વૉટરનો ઉપયોગ વધુ થાય તેમજ ભૂગર્ભ જળનો જથ્થો જળવાઈ રહે તે દિશામાં જિલ્લાતંત્રની વિવિધ સંસ્થાઓ કાર્યરત બને તેવા સ્પષ્ટ સંકેત જિલ્લા કલેકટર આર્યએ આપ્યા છે.

એન.જી.ટી.ના ચુકાદા બાદ દરેક જિલ્લામાં અલાયદો એનવાયરમેન્ટ પ્લાન બનાવી અને તેના અમલીકરણ માટેની જવાબદારી જિલ્લા વહીવટીતંત્રને સોંપવાના સરકારના નિર્ણય પછી આજે આ માટે પ્રથમ બેઠક જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે મળી હતી.

ગાંધીનગર જિલ્લામાં એન્વાયરમેન્ટના તમામ ઈન્ડીકેટર્સ મુજબની કામગીરી થાય તે જોવા અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ક્ષેત્રે ગ્રામ્યસ્તરે પણ નિયમિત કામગીરી થાય તે જોવા તેમણે આગ્રહ કર્યો હતો.

જિલ્લા કલેકટર કુલદીપ આર્યએ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ, બિલ્ડીંગ મટીરીયલ્સ વેસ્ટ મેનેજમેન્ટ સહિતના વિવિધ

● અનુસંધાન પાના - ૭ પર

# શહેરમાં ડેન્ગ્યુ અને વાઈરલ ફિવરના વધતા કેસ, તંત્ર હાઈએલર્ટ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના આજે વધુ ૮ કેસ મળી આવતાં શહેરનું આરોગ્યતંત્ર ચોંકી ઉઠ્યુ છે.

શહેરમાં વાઈરલ ફિવરના કેસો પણ સતત મળી રહ્યા છે. આજે પણ વધુ ૪૬ તાવના કેસ મળી આવ્યા છે જેમના લોહીના નમુના મેળવી અને પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

શહેરમાં ડેન્ગ્યુના કેસો છેલ્લા ૧૩ દિવસમાં જ ૬૦ થી વધુ નોંધાયા છે. જેને શહેરી મેલેરિયા તંત્રની ચિંતામાં વધારો કરી દીધો છે.

મળતી વિગતો મુજબ મેલેરિયાતંત્રની ટીમો દ્વારા આજે ૪૯૨૮ ઘરોમાં સર્વેલન્સની કામગીરી કરવામાં આવી હતી. જેમાંથી ૨૦૧ ઘરોમાં ડેન્ગ્યુના મચ્છરોના બ્રિડીંગ મળી આવતાં તંત્રની ટીમ દ્વારા પોરાનાશક કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ટીમ દ્વારા ૧૧ હજારથી વધુ પાત્રોની ચકાસણી પણ કરવામાં આવી હતી જે પૈકી ૨૫૨ પાત્રોમાં મચ્છરોના બ્રિડીંગ જણાતાં સોર્સ રિડક્શનની કામગીરી કરાઈ હતી.

તંત્ર દ્વારા શહેરમાં ઈન્ડોર ફોગીંગ અને એન્ટી લારવેલની કામગીરી સઘન બનાવવામાં આવી છે. તંત્ર દ્વારા રિક્ષાઓ પણ માઈક બાંધી અને જન-જાગૃતિ અભિયાન પણ ચલાવવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત વેક્ટર કંટ્રોલની વધુ છ ટીમ પણ આઉટ સોર્સથી ભરતી કરવામાં આવી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ એકાદ-બે દિવસમાં પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં આવી જશે. જો કે હાલ છુટા છવાયા કેસો જરૂર મળી રહ્યા છે પરંતુ ટીમો દ્વારા સઘન અને સતત સર્વેલન્સ દ્વારા કામગીરીને અસરકારક બનાવવામાં આવી છે.

## રાજ્યમાંથી ચોમાસાની સત્તાવાર વિદાય

ગાંધીનગર,તા.૧૪

સોમવારથી ગુજરાતમાં ચોમાસાની સત્તાવાર વિદાય થઈ. આ વર્ષે રાજયમાં ચોમાસાની સીઝન ૪૫ દિવસ લાંબી ચાલી છે. રાજયમાં સરેરાશ ૧૪૬ ટકા વરસાદ નોંધાયો છે. જેને કારણે ગુજરાતના મોટાભાગના જળાશયો ભરાઈ ગયા છે. જો સરકાર દ્વારા આ પાણીની યોગ્ય સાચવણી તથા વહેંચણી થાય તો ઉનાળામાં નાગરિકો તથા ખેડૂતોને પાણીની તંગીનો સામનો નહિ કરવો પડે. તો બીજી તરફ, સારો વરસાદ છતા ઉત્તર ગુજરાતનાં ૧૫માંથી ૮ જળાશય ૧૦૦ ટકા ભરાયા નથી.



સે-૧૭ માં છેલ્લા ત્રણ ચાર દિવસથી પાણીની લાઈનમાં લીકેજીસ હોવાથી પાણીનો બગાડ થાય છે. જેના લીધે આસપાસના વિસ્તારમાં પણ પાણીના ખાબોચિયા ઉભરાતા નજરે પડે છે. પાણીની લાઈનમાં લીકેજીસ નિવારવા માટે સ્થાનિકોએ પ્રબળ માંગ કરી છે.


ત્રેવીસમી વાર્ષિક પુણ્યતિથિએ

**ભાવભીની શ્રદ્ધાંજલિ**



**સ્વ. કુંદનબેન બી. શુક્લ**
આસોવદ બીજ - સંવત-૨૦૫૨
સ્વર્ગવાસ : ૨૮ ઓક્ટોબર-૧૯૯૬

જીવન એવું જીવી ગયા કે,
કદી ભુલાય નહિ,
વિદાય એવી અણધારી લીધી કે
મૃત્યુ પણ રડી ઉઠ્યું.
આજે ૨૩ વર્ષ બાદ પણ આપની
સ્મૃતિ પળેપળ અમારી સાથે છે
આપનો પ્રેમાળ સ્વભાવ, કાર્યશૈલી,
પારિવારિક ભાવના અમને પ્રેરક બની રહેશે.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
ચિરશાંતિ અર્પે એવી પ્રાર્થના સહ...

બી. એ. શુક્લ IAS (નિ.)
(પૂર્વ કલેક્ટર, ગાંધીનગર)
ડો. વિરાજ - દેવાંગ (મેનેજર, યુ.એસ.એ.)
ડો. કાનન - ડો. કલ્પેશ
પ્રોફ. સોનલ - ધવલ (સી.એસ.)
ભાવિન (એડવોકેટ)
આદિત્ય, અંબિકા, મૈત્રી, પવિત્રા, પ્રાંજલ,
શ્રીધા, તથા સમસ્ત પરિવાર

પદ્મશ્રી સ્વ. ડો. એચ. એલ. ત્રિવેદી
(પૂર્વ ડાયરેક્ટર - કિડની ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ)
શ્રીમતી સુનિતાબેન. એચ. ત્રિવેદી (વિદુષી)
સ્વ. હરિપ્રસાદ ત્રિવેદી, સ્વ. પદ્માબેન ત્રિવેદી
(પૂર્વ ડાયરેક્ટર, એગ્રી.)
સ્વ. સત્યકામ દવે (પૂર્વ ડેપ્યુટી કલેક્ટર)
સ્વ. સુશીલાબેન દવે (વિદુષી)
પ્રો. કાર્તિક ત્રિવેદી (યુ.એસ.એ.) (આર્ટીસ્ટ)
તથા સમસ્ત પરિવાર


# શહેરમાં ૩૮૦૦ સરકારી મકાનો તબક્કાવાર તોડી નાંખવામાં આવશે

**સેકટરોમાં સ્થિત ૧૪૭૧૯ પૈકી ૨ હજાર જેટલા મકાનો રીનોવેશન હેઠળ : હાલ આવાસ ખાલી કરાવવાની પ્રક્રીયામાં તંત્ર વ્યસ્ત : મંજુરીના અંતે મકાન તોડવાની કામગીરી હાથ ધરાશે**

ગાંધીનગર તા ૧૪

શહેરમાં ભયજનક આવાસો તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. શહેરના સેકટરોમાં જુદી જુદી કક્ષાના ૧૪૭૧૯ મકાનો છે. જયારે આ પૈકી ૧૮૯૭ મકાનો રીનોવેશન હેઠળ છે. જયારે ૩૮૦૦ મકાનો નિકાલ હેઠળના છે. આગામી દિવસોમાં આ મકાનો પણ મંજુરીના તબક્કાવાર તોડી નાંખવામાં આવશે. હાલ તંત્રએ આ મકાનો ખાલી કરાવાની પ્રકીયા હાથ ધરી છે. અંદાજિત ૨૨૦૦ જેટલા નિકાલ હેઠળના મકાનોમાં રહીશોનો વસવાટ છે.

ગાંધીનગરમાં છેલ્લા ઘણાં સમયથી રહેણાંકને લાયક સરકારી આવાસો ઉપલબ્ધ ન થતા હોવાની ફરિયાદો વધી છે. જયારે શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારે નિર્માણ કરાયેલા સરકારી આવાસો આજે સાડા ચાર દાયકાના અંતે કંગાળ અને ભયજનક હાલતમાં હોવાનુ સ્પષ્ટ થયા બાદ તંત્ર દ્વારા પણ તબક્કાવાર સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો તોડવામાં આવી રહ્યા છે. જયારે આ પૈકી કેટલાક મકાનો રીનોવેશન હેઠળ પણ આવરી લેવાયા છે. જો કે હાલની સ્થિતિ સેકટરોમાં જુદી જુદી કક્ષાના ૧૪૭૧૯ આવાસો અસ્તિત્વ ધરાવે છે. અગાઉ તબક્કાવાર ઘણાખરા આવાસોનો કડુસલો બોલાવી દેવાયો છે.

● અનુસંધાન પાના - ૭ પર

# જિલ્લામાં ધોવાયેલા માર્ગોનું પેચવર્ક કરવા ૭૦ લાખ ખર્ચાયા

ગાંધીનગર તા ૧૪

ચોમાસા દરમિયાન શહેર તેમજ જિલ્લાઓના રસ્તાઓને વિશેષ નુકશાન થયુ છે. સતત વરસાદના લીધે શહેર તેમજ જિલ્લાઓને જોડતા વિવિધ રસ્તાઓ ઉબડ ખાબડ બનતા વાહનચાલકો માટે શિરદર્દ ઉભો થયો હતો. જયારે આ સ્થિતિને ધ્યાને લઈ ઉચ્ચ કક્ષાએથી મળેલી સુચના મુજબ તંત્ર દ્વારા માર્ગ નવિનીકરણના કામો પુર્વે રસ્તાઓના પેચવર્ક માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જિલ્લાના અંદાજિત ૫૦૦ કી મી રોડ નેટવર્કને આવરી લઈને પેચવર્કની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૭૦ લાખનો ખર્ચ કરાયો છે.

ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાં રસ્તાઓના ગાબડા પુરવાનુ કામ ચાલી રહ્યુ છે. વરસાદી દિવસો દરમિયાન શહેરના માર્ગોનુ ધોવાણ થયુ છે. જયારે જિલ્લાને જોડતા વિવિધ રસ્તાઓ પણ ઉબડ ખાબડ બન્યા છે. ભારે વરસાદના લીધે ઠેર ઠેર માર્ગો બેહાલ જોવા મળી રહ્યા હતા. જયારે મુખ્યમંત્રીની સુચનાના અંતે માર્ગ નવિનીકરણની કામગીરી પુર્વે રસ્તાઓના ગાબડા પુરવા તેમજ યોગ્ય સમારકામ હાથ ધરવા માટે તંત્રએ કામગીરીને અગ્રતા આપી હતી. ગાંધીનગર શહેરમાં પણ વરસાદી દિવસો દરમિયાન મોટાભાગના રસ્તાઓનુ ધોવાણ થયુ છે. જયારે રસ્તાઓના નવિનીકરણનુ કામ પણ હજુ બાકી છે. પરંતુ માર્ગ નવિનીકરણની કામગીરી પુર્વે માર્ગ સલાતમીના મુદાઓ સહીત આમ નાગરિકોને

● અનુસંધાન પાના - ૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com